## બીજી આવૃત્તિ વેળાએ...

**કૈંક વર્ષોથી પ્રશ્ન ઊઠ્યો છે,**
**તું હજી ક્યાં જવાબ આપે છે.**

સદીઓથી ચાલ્યા આવતા પ્રશ્નોના જવાબ મેળવવાના પ્રયત્ન સ્વરૂપે ‘ડાળખીથી સાવ છૂટાં...’ કાવ્યસંગ્રહનું પ્રકાશન હાથ ધર્યું હતું. તેના પ્રકાશન વખતે અન્ય સંગ્રહોની તુલનામાં વધારે મહેનત કરવી પડી હતી. આ મહેનત ૨૦૧૩ના વર્ષમાં સુપેરે ઊગી નીકળી. આ સંગ્રહને વર્ષ ૨૦૧૩નો દિલ્હી સાહિત્ય અકાદમીનો ‘સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર’ એનાયત થયો.

આ પુરસ્કારને હજી માંડ એક-બે મહિના વીત્યા ત્યાં તો ગુજરાત સરકારનો વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષનો ‘દાસી જીવણ ઍવોર્ડ’ પણ એનાયત થયો. આમ, રાષ્ટ્રીય અને રાજ્ય બંને સ્તરે પુરસ્કૃત થયેલો આ સંગ્રહ વાસ્તવમાં મારા સંશોધન દરમિયાન મને જોવા મળેલી દુનિયાનું વાસ્તવિક ચિત્રણ છે.

અનેક સાહિત્યિક-બિન સાહિત્યિક મિત્રોને આ સંગ્રહ માટે એક જુદો જ લગાવ રહ્યો છે, અલબત્ત મને પણ. આ સંગ્રહની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં જ આમ તો વિસ્તૃત વાત કરી છે એટલે અહીં પુનરાવર્તન ટાળું છું. હા, અહીં એક ગીતનો આસ્વાદ  સમાવિષ્ટ કર્યો છે, જે જયંત કોરડિયાએ કરાવ્યો છે.

આ  સંગ્રહના પુનઃ પ્રકાશન નિમિત્તે એ સહુ કોઈનો પુનઃ આભાર માનું છે, જેઓ મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સતત પથદર્શક બનીને કેળવતા રહ્યા છે.

**૧૨, જાન્યુઆરી ૨૦૧૪** **- અશોક ચાવડા ‘બેદિલ’**

***

## ત્રીજી આવૃત્તિ વેળાએ...

‘ડાળખીથી સાવ છૂટાં’ કાવ્યસંગ્રહને અન્ય સંગ્રહોની તુલનામાં અભ્યાસુ મિત્રોમાં સવિશેષ લોકપ્રિય રહ્યો છે. સતત ચર્ચામાં રહેતા આ પુસ્તકમાંની કેટલીક કવિતાઓ અંગ્રેજી અને ઇતર ભાષામાં અનુવાદિત પણ થઈ છે તેનો આનંદ છે.

મુરબ્બી ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળા, ડૉ. રઘુવીર ચૌધરી અને સુધા ચૌહાણ, રાજેન્દ્ર પટેલ તેમજ અનેક અધ્યાપકોએ આ સંગ્રહની પ્રસંગોપાત નોંધ લીધી છે, તેમાંના કેટલાક અવતરણો પણ અહીં સમાવિષ્ટ કર્યા છે.

આ નવીન આવૃત્તિ નિમિત્તે મારી પીડા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એકાકાર થયેલા સહુ કોઈને મનોમન વંદન કરીને આભાર વ્યક્ત કરું છું.

**૨૬, જાન્યુઆરી ૨૦૧૭** **- અશોક ચાવડા ‘બેદિલ’**

‘દલિત ચેતના’ ફેબ્રુઆરી ૨૦૧૩ના અંકમાં મુખપૃષ્ઠ પર આ યુવાન કવિની ઊજળી છબી જોઈ શકાશે. તેમણે તાજેતરનાં વર્ષોમાં આઠ પુસ્તકો પ્રસિદ્ધ કર્યા છે, તેમાં ચાર કાવ્યસંગ્રહો છે. ‘પગલાં તળાવમાં’, ‘પગરવ તળાવમાં’, ‘તું કહું કે તમે’ જેવા કાવ્યસંગ્રહોને ચિનુ મોદી, રાધેશ્યામ શર્મા વગેરે સમર્થકોએ સારો આવકાર પણ આપ્યો છે. ‘વૃદ્ધ મજૂરનું ગીત’ તેમણે રચેલું દલિત સંવેદનાનું કાવ્ય છે. આ કાવ્ય આપણા આસ્વાદનું કેન્દ્ર છે.

ગુજરાતી ભાષામાં આપણે ત્યાં ૧૯૭૫ પછી અને ૧૯૮૧, ૧૯૮૨ ના વર્ષો દરમિયાન દલિતકાવ્યો રચાતાં થયાં અને કાવ્યસંગ્રહો રૂપે પ્રસ્તુત થતાં રહ્યાં, જે આજપર્યંત રચાતાં જોવાં મળ્યાં છે. ‘દલિત સાહિત્ય’ સંદર્ભે જયંત જોશી લખે છે : ‘દલિત સાહિત્ય આપણી સંસ્કૃતિ સાથે હજારો વર્ષોથી અભિન્નપણે સંકળાઈ ગયેલી કેટલીક તોડવા જેવી બાબતો પર પ્રહાર કરે છે.’

કેટલીક તોડવા જેવી બાબતો અર્થાત્ સમાજમાં જોવા મળતી રૂઢ પ્રથાઓ, રૂઢ ખયાલો, ધર્મને સાંકળીને ચાલી આવતી આંધળી માન્યતાઓ. આવાં માનસિક અનિષ્ટો લોકોમાં આજે પણ દૂર થયા નથી તે બાબતનો સંકેત આપતી, સમાજ વ્યવસ્થાના કોઈ એક ખૂણામાં ખદબદતી, અસ્પૃશ્યતાની વિચારધારાને કેન્દ્રમાં રાખીને રચાયેલી આ પ્રતિબદ્ધ કાવ્યરચના છે. પ્રસ્તુત ગીતરચનાનાં મુખડાનો ઉપાડ છે :

**બીડીના એક ઠૂંઠે તમને સંભારું શામળિયા**

પ્રથમ પંક્તિ વાંચતા જ ખયાલ આવશે કે કાવ્યનાયક એક વૃદ્ધ મજૂર છે. તેનું અહીં થોડાક શબ્દોમાં જ શબ્દચિત્ર સુરેખ રીતે ઉપસે છે. ઊંડી ઊતરી ગયેલી આંખો, ખખડધજ કાયા, પરિશ્રમ ને પરસેવાથી મેલાં થયેલાં વસ્ત્રો, ચહેરા પર પડેલી કરચલીઓ, હાથમાં બીડીનું ઠૂંઠું.

‘સંભારું શામળિયા!’ – એમ ઉદ્ગાર કાઢતો કાવ્યનાયક ખરી રીતે તો ઈશ્વરને યાદ નહીં ફરિયાદ કરે છે. બીડીનાં અર્ધ સળગેલાં ઠૂંઠાં પરની બાઝેલી રાખ ખંખેરતો કાવ્યનાયક જાણે જન્મારો પૂરો થવાના આરે પહોંચ્યો છે, ને તો પણ બીડીનાં ઠૂંઠાં જેવો નિરર્થક જન્મારો વેંઢારતો દુઃખદ વ્યથા ઠાલવે છે. અહીં ઈશ્વર સાથે સીધો સંવાદ છે.

**સાંજ પડે ને ઝાલરટાણે**
**તારે મંદિરિયેથી છોને નીકળવાનું થાતું**

કાવ્યનાયક સાંજ ટાણે મજૂરી કરીને ગામ તરફ પાછો ફરે છે ત્યારે તેનાં વયસ્ક ગ્રામજનો જે સવર્ણ જ્ઞાતિનાં છે, તે મંદિરે ગામની ભાગોળે ઉપસ્થિત છે. શામળિયાનાં દર્શન, કીર્તન માટે આવ્યાં છે અને જીવતરની સંધ્યાઓ નિરાંતના દિવસો ગાળે છે. જ્યારે આ વૃદ્ધ મજૂરને કાળેહાડ પારકી મજૂરીમાં જ દિવસો વેંઢારવાના. પરંતુ એ વાતનો અફસોસ નથી; અફસોસ છે તો માત્ર આટલો જ કે તેને માટે મંદિર પ્રવેશબંધી છે. વર્ણવ્યવસ્થા અને અસ્પૃશ્યતાની પીડાદાયક પરિસ્થિતિ વચ્ચે જાણે શ્વાસ પણ ઉછીના લેતો આવ્યો હોય તેવી નિઃસહાય કારમી પીડા અહીં કાવ્યનાયક અનુભવે છે. મંદિર પાસેથી રોજ નત્‌મસ્તકે પસાર થવાનું બને છે. નત્‌મસ્તકે પસાર થવું એ રોજેરોજની ઘટના છે. ખાલી લાચારીભરી દૃષ્ટિ મંદિરની બારી સુધી પહોંચીને અટકી જાય છે. અકળ અવઢવમાં અટવાઈ જાય છે મસ્તિષ્ક અને અકળાઈ ઊઠે છે આત્મા.

**મારા પગ પર ઊભા રે'વું મારાથી ના બનતું**
**કેવો થાક લઈને જીવું**

કાળી મજૂરી કરતાં, સતત તનતોડ મહેનત કરતાં થાક નથી લાગતો તેટલો થાક તેને પોતાના અસ્તિત્વની અવહેલના થતી રહે છે તેનો લાગે છે. જે માનવ સમુદાય વચ્ચે તે જીવ્યો છે, જે સ્થળે તે જન્મ્યો છે તે જ ગામમાં તેનો અનાદર! સ્વમાન પર સતત પ્રહાર કરતી આ લાગણી તેના હૃદયમાં તીક્ષ્ણ ખીલા જેમ ખૂંચે છે. પાણી પર પડેલાં તેલનાં ટીપાંની જેમ અલગ અને અળખામણી બની રહેતી જિજીવિષા તેને ભાર રૂપ લાગે છે. કેમ કે કહેવાતા ઊજળા સમાજમાં છાશવારે અપમાનિત, પીડિત થયાનો એને જાત અનુભવ છે.

**મારી ઉપર રોજે આખું આભ તૂટે છે...**

બહાનારૂપ થોડીક જ રળી ખળી – રડી ખડી હોવાપણાની લાગણીનાં અંતિમ ટીપાંને નિચોવી દેતી કાવ્યપંકિત દલિતચેતનાની દ્યોતક છે. 'આભ તૂટે તો થીંગડું ક્યાં દેવું?' જેનાં પર આખેઆખું આભ જ તૂટી પડતું હોય તેની તીવ્ર પારાવાર પીડા ઝટ દઈને તો કોણ સમજી શકે? કેવળ પીડાનો ભોગ બનનાર જ. જાત સાથે સંઘર્ષ અને અંતે અસહિષ્ણુતાયુક્ત શરણાગતિ : **'જન્મારાનો વાંક લઈને જીવું'** – એમ પહાડ જેવડો નિસાસો મૂકતો કાવ્યનાયક મનોમન ભલે સમાધાન સાધી લે, પરંતુ આ સમાધાન ખરા અર્થમાં સમાધાન નહીં પણ 'સ્વ'ને તોડી-મરોડીને મૂળિયાં સોતું ન તો ઉખેડી ફેંકી શકે છે કે ન તો 'સ્વ'ના આ મૂળિયાંને સ્વસ્થ

